ભાટિયાની અસ્મિતા જાગે

*

પ્રેષક : દ્વારકાદાસ નારણદાસ દુતિયા
૪૫૮, જે. કે. બી. ભાટિયા કો. ઓપ. હા. સોસાયટી
જે. એસ. એસ. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

રામેશ્વર પ્રિન્ટીંગ પ્રેસ, નાગનાથ મંદિર પાછળ, અમરેલી

ભાટિયા

(ભટ્ટી-ક્ષત્રિય-યદુવંશનું)
મૂળ અને કુળનો પરિચય અને ઐતિહાસીક તવારીખ.

સંકલન : દ્વારકાદાસ નારણદાસ દુતિયા

શ્રી યોગેશ્વર પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ
મહાભારતના યુધ્ધમાં સારથી તરીકે

સ્વાતંત્ર્ય દિન : ૧૫-૮-૧૯૮૫

કુળદેવી જસરાઈ, આશાપુરા, અંબા માતાજી

જસરાઈ દેવીકે વરદાનસે જાદવ મેંસે ભાટી ભયે.



શ્રાવણ સુકલપંચમીને, બેઆના-હાજુપાલ; ચઢયો મધુપુરી લેકિનઠો, ઉદમક્રીયો અજેપાલ, દેવલોકગતાજે સંગકીની, મધુપુરીછાંડ કરેલીલીની; જેસંગસુત હે બડોવીજેપાલ, અજેરાજ તાસલગુ વિજેરાજસગુબાલ; તીનો ભાઇ વાંતિ ચલે, આય કરેલી ગામ; વીજેપાલ અધિકાર યે, બેઠે હે તાહાં કામ; લગુભાઇ દોનો રહે, સો ઔર માત્રુકે જાન; વીજેપાલ આદર નહીં કીયો, એસો ગીતમેઆન; વીજેપાલકી બાત લખ, તાપકીયો મનમાંય; જીવન મૃતક સમાનહે, ઈહા રહેના ઉચિત નાંય; વાંતિચલેજુ આરીણુ મે, કોસ સાત વિશ્રામ; જસરાઇ અંબા તહાં, દેવી મંદિર ઠામ, કર વીચાર દોઉ બંધુચિત, પુજા કીજે સાર; જગદંબા અંબા છોડકે, કહાં જાયગે બાર; એેહી ઠોર મરનો ભલો, જગદંબા પ[illegible] માંય; ઔર કૌનમે જાનીયે, ક્ષત્રી જાત કહાય; કાયા મનકંમ વચનસો, કે[illegible] અજેરાત અનુષ્ઠાન; વીજેરાજ જાડુ કરે, ગ્રામે સ્વચ્છ મકાન; દાદસ માસજુ વીત ગયે, કરત માયકી ટેલ; દેવી પ્રસનજુ ના ભઇ, કરે સીર મેલ; જબ મસ્તક હોમન લગે, તબ બોલી જગ માય, તબ બોલે, બંધુ જુગલ, હમ ક્ષત્રી વંશ કહાત; તાતે હમ માગતહે હો, રાજ સ્વતંતર ચાત; અજેરાજ પ્રતી અમ્બીકા, યું બોલી સર સાત; તુમ ભટી મસ્તકહો, કરોભાટી નામ વિક્ષાત; રાજકરો અવથલીનમ. નગર બસાવો જાય: મેરે ભામ વીક્ષાત સો, કુશલ સરસાય; વીજેરાજ મસ્તક ધરે, હાથ જેબ ના ગાય: શૌવીર દેશ જાયકે, રાજકરો ચિતચાય; મેરોનામ આસાપુરા, ધરો કુળદેવ પ્રસીધ; જાડેજા જાત તુમારી ધરો, રજપૂત સબે રણજીત; તુમજાડુનીત પ્રતિષ્ટ એેા, જાડેજા નામસદાય; અજેરાજ નમન કર, થલી દેસમેં આયે; દેવી નામ વીક્ષાત સો, જેસલમેર વસાય; અજેરાજકે તીન સુત, ભાટી નામ વીક્ષાત; જાદવ સો ભાટી ભયે, બરસો કામ :

ભટ્ટી–ભાટિયાનો અગાઉનો પોષાક કર્નલ ટોડની નોંધ પ્રમાણે

ભાટિયાઓ સફેદ કપડાનો અથવા છીંટનો ગુંઠણુ સુધી લાંબો-જામો (અંગરખો) પહેરે છે. કમરબંધ એટલો ઉંચી બાંધે છેકે કમરનો ભાગ બિલકુલ ઢંકાઇ જાય છે. પગના ગિરિયા પાસે કલકત્તો ઘણી કલ્લીઓ વાળેલ ઢીલી સુરવાલ પહેરે છે. તેમની પાઘડી જે ઘણું કરી કસુંબી રંગની હોય છે, તે શંખાકારે લગભગ એક ફૂટ ઉંચી હોય છે. કમરમાં કટાર, પીઠે હરણનાં ચામડાની ચર્મ બંધનથી ડાબે ખંભે ઢાલ બાંધેલી અને એવાજ ચામડાના પટાથી તલવાર લટકાવેલી હોય છે.

ભટ્ટી–ભાટિયાણીનો અગાઉનો પોષાક કર્નલ ટોડની નોંધ પ્રમાણે

"ભાટીયાણીઓ લાલચણુક રંગનો, ઘણું કરી ઉમદા પશમનો બનાવેલ પંદર ગજ ઘેરનો ઘાઘરો પહેરે છે. તે પર બીજ જાતની લાલ રંગની ઓઢણી હોય છે. ગરીબ અને તવંગરનું મુખ્ય ઘરેણું હાથીદાત ની ચુડિયો, જે સોળથી પાંત્રીસ રૂપિયા સુધીની હોય છે તે છે; અને તે પોંચાથી લગભગ કોણી સુધી પહેરી મુકે છે. જો કે જેસલમેરમાં પણ તે તૈયાર થાય છે છતાં મસ્કા માંડવી (કચ્છ માંડવી) થી તે મગાવવામાં આવે છે. દરેક વર્ગ રૂપાના કડલા પહેરે છે, તે એટલે સુધી કે પેટ પાટા બાંધીને પણ પ્રથમ કડલા ઘડાવે છે.

શ્રી નાથજી (નાથ–દ્વારા)

શ્રી યમુના મહારાણીજી

ભાટિયા–ભટ્ટી–ક્ષત્રિય–યદુવંશનું મૂળ ને કુળનો પરિચય.....

"આમુખ"

"ભાટિયાના કુળ અને મૂળનો પરિચય" કરાવવાનો પ્રયત્ન એટલા માટે કરવામાં આવ્યો છે કે, આજના "ભાટિયા" પોતાના ભૂતકાળનાં ઇતિહાસ પર દૃષ્ટિ નાંખી તે ક્યાં હતા અને આજે ક્યાં છે, તે પર વિચારણાં કરી તેની સૂતેલી "અસ્મિતાને" જગાડવાનો માત્ર હેતુ છે. આજે ભાટિયો માત્ર કબુલ કરશે કે જે પહેલાંનો "ભાટિયો હતો" તે આજ નથી રહ્યો. "ભાટિયો" સર્વક્ષેત્રમાં, દેશમાં અને દેશ બહાર, રાજકારણ, ધર્મ, સામાજીક રીતરીવાજો, શિક્ષણ, સમાજસેવા અને દેશસેવામાં હંમેશા અગ્રણી અને માર્ગદર્શક રહેતો હતો. પરંતુ આજે જ્યારે અન્ય જ્ઞાતિઓ સંગઠન સાધી પોતપોતાના હિતોની રક્ષા સર્વક્ષેત્રે કરી રહી છે, ત્યારે જ "ભાટિયો" મુંબઇમાં જ નહીં, સમગ્ર દેશમાં, પરદેશમાં, એક વખતનાં અગ્રણી હતો, તે આજે ક્યાં છે ? ભાટિયા સમાજની વાડાબંધી, નિષ્ક્રિયતા, કંઇ નવું ન કરવાનું નિરાશાવાદી વલણ અને છે તેને સંભાળી બેસવાની સંકુચિત મનોદશા સિવાય બીજું શું થઈ રહ્યું છે ? અલબત્ત આમાં અપવાદ હોઈ જ શકે છે. પરંતુ મુખ્યત્વે આજની પેઢીએ એવું કોઈ નવું કામ નથી કર્યું કે જે બદલ

ભાટિયા જ્ઞાતિ ગૌરવ લઈ શકે. આ સૈકામા સમાજના, જ્ઞાતિના, હિતમાં કોઇએ કાંઇ નવું કાર્ય કર્યું છે ? કે જેમના વડવા-ઓએ દેશભરમાં ગામેગામ ધર્મશાળા, સેનેટેરીયમ, કુવા, વાવ, હવાડા, ગૌશાળા, હવેલીઓ, વાડીઓ કરાવી ગયા હતાં, તેવું આજના સમયની માંગ અંગે કર્યું છે ? કે જે કરી ગયાં તેને ખતમ કરવામાં અને વ્યકિતગત હિતોની રક્ષા અર્થે સામાજીક હિતોને "સ્વાહા" કરી રહ્યાં છે ? આજના ભાટિયાનો નીચલો અને મધ્યમ વર્ગ, આજની રોજ બરોજ વધતી મોંઘવારી, બેકારી, સામાજીક સંસ્થાઓ તરફથી બેસહારો અને તેમની પણ વગર મહેનતે મેળવવાની પડી ગયેલ આદતના જોરે બન્ને પક્ષે નિષ્ક્રીયતા જ રહી છે. પરંતુ આજની જ્ઞાતિની ઉગતી પેઢી માટે તેમના રહેઠાણ, શિક્ષણ, સંસ્કારો, ધાર્મિક વલણ સાચવવામાં, વધારવામાં, નવી તકો આપવા માટે, તેમને સંયુકત રીતે એક બીજાનો સહકાર આપવા, મેળવવા માટે, એકેય જે સક્રીય કાર્ય થઈ રહ્યું છે ? કે જેથી ભાટિયા જ્ઞાતિ નવા કાર્ય બદલ ગૌરવ લઈ શકે અને જે સીમા ચિન્હ બની રહે. ક્યાંક જ આવા કાર્યો કરવામાં આવી રહ્યા છે. પરંતુ જ્યાં સુધી કાર્ય કરતી જ્ઞાતિ સંસ્થાઓ, વ્યકિતઓનો સાથ સહકાર નથી, તેઓ સંગઠીત બની કોઈ જ્ઞાતિહિત અને સમાજ હિતનું કાર્ય કરે નહિ, "ભાટિયો" પોતાની "અસ્મિતા" ને ઓળખમાં નિષ્ફળ નિષ્ક્રીય રહેશે, ત્યાં સુધી અન્ય જ્ઞાતિઓની સરખા-મણીમાં "ભાટિયા જ્ઞાતિ" જે દરેક ક્ષેત્રે પાછળ પડી ગઈ છે, તે આગળ વધી શકશે નહિ. માટે જ ભાઇઓ જાગો, જ્ઞાતિના ભૂતકાળમાંથી પ્રેરણા મેળવી, ભવિષ્યને બનાવો... આશા છે કે જ્ઞાતિના સર્વે જ્ઞાતિભાઇઓ, સંસ્થાઓ, ટ્રસ્ટો, મહાજનો,

મંડળો, આ બાબતમાં સંગઠીત બની ભાટિયા માટે આજે જ્યાં ઘણું કરવાની જરૂરી છે તે પર વિચારણા કરી તે પ્રમાણે કરવા પ્રયત્ન કરશે. આ સાથે ભાટિયા જ્ઞાતિનું મૂળ, ઉત્પત્તિ અને ટૂંકમાં ઇતિહાસ આપ્યો છે, જે પર દ્દષ્ટિપાત કરી, પ્રેરણા મેળવી, ભાટિયા ભાઇઓ સંગઠીત બને, એકબીજાને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સહાય કરે અને આગળ વધે એવી શ્રીજીબાવાને પ્રાર્થના કરી તેમના આશીર્વાદ સૌ પર ઉતરે એવી આશા સાથે.

લિ.

દ્વારકાદાસ નારાયણદાસ દુતિયાના

જયગોપાલ

ભાટિયા જ્ઞાતિનું મૂળ, ઉત્પત્તિ અને ટૂંકમાં ઈતિહાસ

શ્રીમદ્ ભાગવતના નવમાં સ્કંધમાં ચૌદમાં અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે શ્રી નારાયણથી બ્રહ્મા, બ્રહ્માથી અત્રિમુની અને તેમનાથી ચંદ્રમાં ઉત્પન્ન થયા હતાં. ચંદ્રમાં અને તારાથી બુધ, બુધ અને ઇલાથી પુરુરવા અને ઉર્વશીથી છ પુત્રો થયા હતાં. આ વંશ ચંદ્રવંશ કહેવાયો છે. આ વંશમાં નહુષના પુત્ર યયાતિ, અને દેવયાની, કે જેઓ શુક્રાચાર્યના પુત્રી હતા, તેમને, 'યદુ' અને 'તર્વસુ' નામે પુત્રો થયા હતાં.

આ 'યદુ' રાજાથી ચાલેલો વંશ "યદુવંશ" કહેવાયો. આ "યદુવંશમાં" કેટલીક પેઢીઓ બાદ, 'સહસ્રાર્જુન' જયધ્વજ, તાલજંઘ, મધુ, વૃષ્ણી, શિશુવિન્દ, પુરુજીત, જામધ, વિદર્શ, કુશ, કુથ, રોમપાદ, જયદ્રથ, શિશુપાળ, દેવાવૃદ્ધ, અને વિભુ થયા. આ વંશમાં આગળ ચાલતાં સત્રાજીત, પ્રસેન, યુયુધાન, સાત્યકિ, સુફલક અને અક્રૂર થયા, તે સઘળા વૃષ્ણીવંશી કહેવાયા, વંશ આગળ ચાલ્યો. આ 'યદુ' અથવા 'વૃષ્ણી' વંશમાં, અંધક, દુદુંભી, આહુક, દેવક અને ઉગ્રસેન થયા. ઉગ્રસેનને કંસ આદિ આઠ પુત્રો અને આઠ કન્યાઓ હતી, જ્યારે શ્રી દેવકને ૧૧ સંતાનોમાંથી સાત પુત્રીઓ હતી તે બધી શ્રી વસુદેવજીને પરણાવવામાં આવેલી.

આ શ્રી વસુદેવજીને ત્યાં શ્રી કૃષ્ણનો જન્મ થયો. શ્રીકૃષ્ણ રૂકમણિને પરણ્યા હતાં. તેમનો પુત્ર પ્રદ્યુમન, તેમનો અનીરુદ્ધ અને તેમને વજ્રનાભ નામે પુત્ર થયો. આ તબકકે 'જાદવો' કે 'યાદવો' માં "યાદવા સ્થળી" થઈ અને તેમાં "યાદવકુળ" નાશ પામ્યો. બચ્યા મલ ઉધ્ધવ અને વજ્રનાભ. તેમના વંશમાં પરિક્ષિત રાજા થયો તેમને મથુરાની ગાદી પર બેસાડવામાં આવેલ ત્યાંથી તેઓ "ઈન્દ્રપ્રસ્થ" ગયા હતાં.

આ વજ્રનાભનો વંશ આગળ ચાલ્યો. તેમને પ્રતિબાહુ, સુબાહુ શાંતસિંહ અને સ્ત્રુતસેન થયાં. આ રીતે બીજી ૭૬ પેઢીઓ થઈ. છેલ્લો ૭૬ મો રાજા જેસંગ કે જયસિંગ હતો, જે મથુરામાં રાજ કરતો હતો. તેને ત્રણ પુત્રો હતાં. વિજયપાળ અને અજયરાજ તથા વિજયરાજ. અજય અને વિજયની માતા જુદી હતી. 'બેયાના' નો રાજા અજયપાળ, મથુરા પર ચઢી આવ્યો. આ યુદ્ધ છ માસ ચાલ્યું. તેમાં ઘણા યાદવો ખપી ગયા. માત્ર બે હજાર યાદવો બચ્યા. તેઓ મથુરામાં રહ્યાં. બાકીના 'કરેલી' ગામે ગયાં.

જેસંગ કે જયસિંહનો મોટો પુત્ર વિજયપાળ, કરેલીની ગાદીએ આવ્યો. નાના બે ભાઇઓ 'અજય' અને 'વિજય' ઓરમાયા હતાં. વિજયપાળે આ નાના ઓરમાયા બે ભાઇઓનો યોગ્ય સત્કાર ન કર્યો. તેથી બન્ને ભાઇઓ નારાજ થઈ અરણ્યમાં ચાલ્યા ગયા. ત્યાં અંબા માતાનું મંદિર હતું. તેઓ માતાજીના શરણે ગયાં. ક્ષત્રિયો હોવાથી બીજા કોઇને શરણે જવાનું તેમને ન રુચ્યું. તેઓએ માતાજીની 'તન' 'મન' અને

કર્મથી સેવા કરી. આ સેવા બાર માસ સુધી કરી. અનુષ્ઠાન કર્યું. પરંતુ અંબામાતા પ્રસન્ન ન થયાં. તેથી બન્ને ભાઈઓએ પોતાની પાસે જે કંઈ હતું તે સાધુ સંતોને વહેંચી આપ્યું અને પોતે 'મસ્તક પૂજા' એટલે 'કમળપૂજા' કરવાની તૈયારી કરી. એટલે પોતાના 'મસ્તકોને' યજ્ઞની ભઠ્ઠીમાં હોમવા તૈયાર થયાં. આ જોઈ માતાજી પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું અને જણાવ્યું કે તમો મારી પાછળ યજ્ઞની ભટ્ટીમાં તમારા મસ્તકો હોમવા તૈયાર થયા હોવાથી તમો ભઠ્ઠી સંજ્ઞા ધારણ કરો, અને આ નામે પ્રખ્યાત થાઓ. તમારુ આ નામ 'ભાટી' કે ભટ્ટી તરીકે વિખ્યાતી પામશે. તમો "થલી" માં જઈ નવું નગર વસાવો અને રાજ કરો, મારા આશીર્વાદ છે કે તમારું કલ્યાણ થશે, આ પ્રમાણે શ્રી વિજયરાજજીના મસ્તક પર માતાજીએ હાથ મુકી વરદાન આપ્યું, અને જણાવ્યું કે તમારી આશાઓ પુરી કરી હોવાથી મારું નામ "આશાપુરી" માતા રાખી 'કચ્છ દેશમાં' મારી પ્રતિષ્ઠા કરો. આમ કહી માતાજી અંતર્ધ્યાન થયાં.

આ પ્રમાણે માતાજીના આશીશ લઈ અજયરાજ થલીમાં આવ્યા. તેમણે દેવીના પ્રસાદથી 'જેસલમીર' વસાવ્યું. જ્યારે વિજયરાજે કચ્છમાં જઈ 'આશાપુરી' દેવીની સ્થાપના કરી અને તેમની જાતનું નામ 'જાડેજા' ધારણ કરી રણજીત એવા રજપુતની પ્રાપ્તી થાઓ એવા માતાજીના આશીર્વાદથી તેઓએ આ નામો ધારણ કર્યા અને કચ્છમાં રાજ કર્યું.

આ વંશ 'ભાટિ' વંશ કહેવાયો. આજ વંશ પ્રથમ 'ચન્દ્ર વંશ' તેની શાખા 'યદુ વંશ' કે 'વૃષ્ણિ વંશ' કહેવાયો

જે ત્યાર પછી 'ભાટિ વંશ' તરીકે જાણીતો થયો. (સં. ૭૭૭).

'જેસલમીર' ના વસવાટ પછી 'ભાટિ વંશ' માં જે રાજપુતો ગાદી પર બેઠા તેમાં ભાટીસંગ, રણજીતસંગ, અજેપાળ, નાહરસંગ, વીરસંગ, માધવસંગ એમ ૭૯ પેઢીઓ થઈ, અને સંવત ૧૧૮૦ સુધી આ ભટ્ટીઓએ 'થલી-જેસલમીર' માં રાજ કર્યું.

ત્યારબાદ, મુસલમાનોના આક્રમણ શરૂ થયાં. આજ અરસામાં શાહ મહંમદ ઘોરીનું આક્રમણ થયું. તેણે 'જેસલ-મીર' લુટયું. ત્યાંથી 'ભટ્ટી' ઓ પંજાબ ગયા અને જુદા જુદા ગામોમાં જઈ વસ્યા. આ તબક્કે તેમણે તેમનું 'ક્ષત્રીવટુ" એટલે યુધ્ધમાં લડવાનો વ્યવસાય છોડયો અને જેને જેમ ફાવ્યું તેમ વેપાર, ખેતી, દૂધનો ધંધો કરવા લાગ્યા. કેટલાક ભટ્ટીઓએ વિવિધ રાજ્યોમાં 'તહસીલદારી' સ્વીકારી. જે 'ભટ્ટીઓ' પંજાબમાં ગયા હતા તેમણે ત્યાંજ પોતાનું માદરે વતન બનાવ્યું. જ્યારે જેઓ 'જેસલમીર' માં રહ્યા હતાં, તેમણે ત્યાં જ રાજ કર્યું. તેમના વંશ જ આજે 'જેસલમીર' માં રહે છે.

જે 'ક્ષત્રીઓ' -"ભટ્ટીઓ" પંજાબમાં ગયા હતા તેમની સંખ્યા ત્યાં ઘટીને ઘણી ઓછી થઈ ગઈ. તેથી તેમને પોતાની પુત્રીઓને પરણાવવાની મુશ્કેલી ઊભી થઈ. કારણ તેઓ પોતાના દેશથી દૂર હતાં. મુસલમાનોના 'ધાડા' અને 'આક્રમણો' આવતા રહ્યા હતા, પરિણામે ક્ષત્રીઓની રીત રસમો ન છૂટકે છુટવા માંડી હતી.

વહેવાર પણ ક્ષત્રીઓને બદલે 'વૈશ્યો' એટલે 'વેપારી-

ઓનો' થયો હતો, જેથી રાજપુતોએ પોતાની કન્યાઓ આપવાનું બંધ કર્યું હતું. આથી તેમને વરણી પરણીનો પ્રશ્ન ઊભો થયો. કન્યાઓના કન્યાકાળ વિતી જવા લાગ્યા, ત્યારે તેમણે ભેગા મળી સભા ભરી તેમાં ૮૪ નૂખો નક્કી કરી. તે નૂખો કેવી રીતે અને શા કારણે પાડવામાં આવી છે તેનો વિગતવાર અહેવાલ અહિં અન્યત્ર આપવામાં આવેલ છે.

આ પ્રથમ જે 'ચન્દ્ર વંશ' હતો તેમાંથી તેની શાખા તરીકે 'યદુ વંશ' થયો. તેમાંથી 'ભટ્ટી વંશ' થયો તે સઘળા ભાટિયા કહેવાયા. આ જ્ઞાતિ ક્ષત્રિય વર્ણ, ચંદ્રવંશી–યદુવંશી–વૃષ્ણીવંશી, ભટ્ટી વંશી, અત્રી ગોત્ર, ઋગ્વેદ, આશ્વાલયન શાખા અને ત્રિપ્રવર એ એમના પ્રસિદ્ધ અંગો છે. તેઓ યજ્ઞોપવિત ધારણ કરે છે અને તેમને વેદોકત કર્મનો અધિકાર છે.

આ ભટ્ટી કુળમાં જેઓ જનમ્યા તેઓ ત્યારબાદ 'ઠાકુર' કહેવાયા. અને તેમાંથી 'ઠક્કર' કહેવાયા. આ ભટ્ટીઓમાંથી કેટલાક નગર–ઠઠે ગયા, કેટલાક મુલતાન ગયા, કેટલાક ભાગલ–પુર ગયા અને ત્યાં વસ્યા.

સંવત ૧૪૪૦ માં આ ભટ્ટીઓનું – એટલે ભાટિયા–ઓનું બહુ જોર વધ્યું. રાજકારભાર અને વેપારમાં તેઓ મોખરે રહેતા. 'જેહુ' ભાટિયાનો પુત્ર મુલતાનમાં પરણ્યો હતો. તે વખતે તેણે આખી 'જાત' એટલે 'જ્ઞાતિ' ભેગી કરી, તેમણે નક્કી કર્યું કે આપણા ભાટિયાઓનો ઇતિહાસ એકઠો કરવો. જેસલમીરમાં આપણે કેવી રીતે આવ્યા, કયાંથી આવ્યા, કેટલા વર્ષો રાજ કર્યું, એની વિગતો એકઠી કરવા અને સાચવી

રાખવા એમણે એક અજાચક 'ભાટ' એટલે કોઈની પણ પાસે ભીખ માંગવા હાથ લાંબો ન કરનારની નિમણુંક કરી. આ 'ભાટ' 'સરસ્વતી પુત્ર' કહેવાય છે. તેમણે 'જસા' નામે એક 'ભાટ' 'સરસ્વતી પુત્ર' ની નિમણુંક કરી અને ભાટિયાઓનો ઇતિહાસ ઠેકઠેકાણેથી ગામે ગામ જઇ ભેગો કરી, તે લખી, સાચવી અને આગળ ચલાવવાનું કામ તેમને સોંપ્યું, તથા આ કામગીરી બદલ તેને સારું દાન તથા માન આપવામાં આવ્યાં. આજ ભાટિયાના કુલગોર શ્રી જસા ભાટે ૮૪ નૂખોનું વર્ણન કર્યું છે.

કચ્છમાં ગયેલા ભટ્ટીઓ, જાડેજા–(સિંધસમા) ચુડાસમા અને જાટ લોકો પોતાને યાદવ કુળમાંથી આવેલા માને છે. જુના વખતમાં ભાટિયાઓનું રાજ્ય સિંધુની પશ્ચિમે કાબુલની આસપાસના દેશમાં હતું, એમ પણ કહેવાય છે.

'ભટ્ટ' – એટલે લઢવૈયો. આ ભટ્ટ શબ્દ પરથી 'ભટ્ટી' એટલે લઢવૈયા–ક્ષત્રિય–એવો અર્થ થાય છે.

ભાટિયાઓની વસ્તી પંજાબ, સિંધ, મારવાડ, કચ્છ, હાલાર, સૌરાષ્ટ્ર, કાઠીયાવાડ, ગુજરાત, ખાનદેશ અને મુંબઇમાં છે. તે જગ્યાને ત્યાં વસતા ભાટિયાઓ પોતાની જન્મભૂમિ માને છે. પોતપોતાની જન્મભૂમિમાં કેટલાએક ખેતીવાડી કરે છે, કેટલાક વેપાર કરે છે, કેટલાક નોકરી કરે છે. ભાટિયાઓની મોટી સંખ્યા સ્વદેશ છોડી પરદેશમાં વેપાર રોજગાર માટે જાય છે, ત્યાં સારી આબરૂ અને પ્રમાણીકપણાથી પોતાનો વેપાર ચલાવે છે. હિન્દુસ્તાનની વસ્તીમાં ભાટિયા જેવી સાહસિક,

ઉદ્યોગી, પરગજુ અને વેપાર નિમિત્તે પરદેશ ખેડનાર બીજી થોડી જ કોમો નીકળશે.

પંજાબમાં ભાટિયાઓની વસ્તી લાહોર, અમૃતસર, મુલતાન, જંબુ અને દેરાગાજીખા વગેરેમાં છે, અને તેઓ પંજાબી ભાષા બોલે છે.

સિંધમાં નગર ઠઠ્ઠા, શિકારપુર, ભાવલપુર, પઠાણકોટ વગેરે જુદા જુદા પરગણાઓમાં તેઓ વસે છે અને સિંધી ભાષા બોલે છે.

મારવાડમાં જેસલમેર અને તેના આસપાસના પરગણા-ઓમાં ભાટિયાઓ વસે છે અને તેઓ મારવાડી ભાષા બોલે છે.

કચ્છ, હાલાર, ઓખામંડળ, સૌરાષ્ટ્ર વગેરેમાં ભાટિયા-ઓની જે મોટી સંખ્યા વસે છે તે છુટક છુટક પંજાબ, સિંધ અને મારવાડથી આવી વસ્યા છે. પહેલાં ભાટિયાઓની વધુ વસ્તી હાલારમાં હતી. પરંતુ જ્યારે કચ્છની આબાદી થવા લાગી ત્યારે હાલારમાંથી ભાટિયાઓ નીકળીને કચ્છમાં માંડવી, મુંદ્રા, અને અંજારમાં આવી વસ્યા. સિંધ, પંજાબ અને મારવાડથી જ જેઓ સીધા કચ્છમાં આવ્યા તેઓ અબડાસા, મોડાસા, ગરડા, માહુ અને પાવર પરગણુમાં આવી વસ્યાં.

ભાટિયાઓના ઇતિહાસ સંબંધમાં તેમના પૂર્વજોની કેટલીક તવારીખો હાલમાં જ ઉપલબ્ધ થઇ છે, જે નીચે પ્રમાણે છે, તે જાણવાનું આજની પેઢી માટે ઉપયોગી નિવડશે.

આ તવારીખો તાજેતરમાં જ બહાર પાડેલા શ્રી ભાટિયા મિત્રમંડળ પરિવાર – કચ્છ – માંડવીના – વાર્ષિકોત્સવના અહેવાલમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તે સાભાર આપી છે.

૧. ઈ. સ. ૬૦૦ વર્ષ પૂર્વે રાવળપિંડીથી ૨૬ ગાઉ દૂર ભાટિયાઓની રાજધાની હોવાનું જનરલ કર્નીંગહામે જણાવેલ છે. લગભગ ૩૦ વર્ષ લગી ત્યાં ભાટિયાઓ શાંતિ-મય રાજ કરી શકયા હતાં. સમ્રાટ એલેક્ઝાંડરની (સિકંદરની) ચઢાઇ વખતે શાંતી તથા રાજ્ય ભાંગી પડયાં, કેટલાક નાશ પામ્યા કેટલાક અન્ય દૂર દેશે જતા રહ્યા અને દક્ષીણ પ્રાંત લગી જઈ વસ્યા. તેમનો વડો નામે હેમજી હતો અને તેણે દેવગીરી શહેર વસાવ્યું.

૨. ઈ. સ. ૭૯ માં સિયાલકોટ ભાટીયાઓએ વસાવ્યું.

૩. ઇ. સ. ૫૦૦ માં સિંધ તરફ જઇ નગર સમઇની સ્થાપના કરી અને એજ સમયે કેટલાક મુલતાન આવી વસ્યા જ્યાંથી ઈ. સ. ૧૦૦૪ માં તેમને મહમદે નસાડયા.

૪. ઈ. સ. ૭૦૦ માં દેવરાજ નામના ભાટીયાએ અત્યારનું જેસલમેર તરફનું પરગણુ વસાવ્યુ. એમની છઠ્ઠી પેઢીએ જેસલ નામનો રાજા થયો. તેમણે જબરજસ્ત કિલ્લો બાંધી જેસલમેર વસાવ્યું. ઈ. સ. ૧૨૯૪ લગી એમના વંશજ ત્યાં રાજ કરતા હતાં. એ વખતે અલાઉદ્દીનની લડાઈ થતા ભાટિયાઓ હાર પામી ગયા, તે શાહજહાંના વખતમાં

સબળસિંહ નામના ભાટીયા રાજાને ઈ. સ. ૧૬૦૦ માં એ ગાદી પાછી મળી.

૫. ઈ. સ. ૭૫૦ માં પંજાબ ઈલાકે કેટલાક ભાટિયાઓએ ભંટીડા શહેર વસાવ્યું, આજે તે ગોવિન્દગઢ કહેવાય છે અને પૂર્વે તે વિક્રમગઢ કહેવાતું. ત્યાંના એક હેમમલ્લ જે ભટ્ટીરાવ કહેવાતા તેના વંશજોમાંથી પતિયાલા, જીંદ તથા નામી નરેશોની ઉત્પત્તી થઈ, એનો ગઢ ૨૧૮ ફીટ ઊંચો છે.

૬. ઈ. સ. ૮૨૫ થી દ્વારકાવાસીઓ ત્યાંથી નીકળતા થયાં.

૭. ઇ. સ. ૧૧૫૧ માં રાવ મંગળના કુમારે ટનોટ વસાવ્યું. રાજધાનીનું નામ લોદવા પહણ રાખ્યું. એમના વંશજો સૌરાષ્ટ્રે જઈ વસ્યા.

૮. ઈ. સ. ૧૧૫૨ માં ભાટિયાઓ પંજાબ તથા કરેલી ખાતે વસ્યાં.

૯. ઈ. સ. ૧૧૭૦ માં ભાટિયાઓની જંગી સભા મુલતાન ખાતે બોલાવવામાં આવી, તેમાં નુખોનું વર્ગીકરણ થયું, બીજી સભા ઇ. સ. ૧૩૨૪ માં મળી હતી.

૧૦. ભાટિયાઓ ઇ. સ. ૧૨૦૦ માં કચ્છ ઠઠ્ઠે તથા ઇ. સ. ૧૨૦૯ માં ભાવલપુર અને ઈ. સ. ૧૨૭૧ માં ખાનદેશ જઈ વસ્ય.

૧૧. ઇ. સ. ૧૨૭૫ માં હિસાદ તાલુકે વસાવેલ ભટ્ટીઆણી નગરના ભટ્ટી રાજા રણમલે સીપાહ સાલાર રજબને છોકરી પરણાવી હતી. તેણી ફિરોજશાહ ત્રીજાની જન્મ-દાતા માતા થઈ હતી.

૧૨. ઇ. સ. ૧૩૦૪ માં ભુતાનના રાજકર્તા ભાટીયા હતાં.

૧૩. ઈ. સ. ૧૩૪૮ લગી (લગભગ ૧૦૦ વર્ષ) મુંબઇ પાસે સાષ્ટી તથા માહિમ પર રાજા ભીમદેવ તથા તેમના જમાઇ વગેરે રાજકર્તા હતા.

૧૪. ઈ. સ. ૧૩૮૪ માં ભાટીયાઓની કુળ કથા તૈયાર કરવા ખાતર એક અજોચી ભાટ નીમાયો. એ સમયે બાદશાહ ફિરોજશાહ પાસે આશર જેઠાનંદ નામના આપણા પુર્વજ જકાત વસુલ કરવાના કામ પર હતાં.

૧૫. અને લગભગ એ જ અરસાથી આપણા જ્ઞાતિબંધુઓએ વેપાર અર્થે અરબસ્તાન, આફ્રીકા, ઇરાન, ચીન, જાપાન, તથા જાવા વગેરે પરદેશ જવા આવવાની શરૂઆત કરી હતી.

૧૬. ઈ. સ. ૧૩૦૮ માં ભાટનેરના આપણા રાજા કુવચંદ પાસેથી તૈમુરે તે લડી જીતી લીધું હતું તેને પણ શહેર પાછુ મેળવવા એ જ્ઞાતિની કન્યા પરણાવવામાં આવી હતી. એ વખતે ત્યાંથી કેટલાક ભાટિયાઓ નિકળી અયોધ્યા તથા રોહીલખંડ તરફ તેમજ હરદ્વાર તરફ જઇ વસ્યા. ત્યારબાદ એ શહેર એક આયરલેન્ડથી આવી વસેલ

મી. જ્યોર્જ થોમસને લડી લીધું, અને તેની પાસેથી ઈ. સ. ૧૮૦૧ માં બિકાનેરનાં રાજાએ જીતી લીધું હતું. તેમ છતાં ભાટિયાઓએ જ્યોર્જ થોમસને એ શહેર પાછું જીતી આપવા રૂા. ૪૦,૦૦૦/– ની ઓફર કરી હતી.

૧૭. ઈ. સ. ૧૪૭૦ માં મુબારકશાહ પાસે આપણા રાય હંસ-રાજ એક મંત્રીપદે કામ કરવા નિમાયા હતાં.

૧૮. ઇ. સ. ૧૭૫૦ થી ૧૭૭૪ લગી ભટીયાણું પાછું મેળવવા આપણા રાજાઓ અને યોદ્ધાઓ તનતોડ મહેનત કરતા હતાં. આખરે પતિયાલાના રાજા અભયસિંહે તે જીતી લીધું જેની પાસેથી ઈ. સ. ૧૭૮૩ માં ભાટિયાઓએ જીતી લીધાં. આપણા રાજા ફતેહમંદ થયા પણ વધારે ટકાવી ન શકયાં. ઇ. સ. ૧૮૦૧ માં મરાઠાઓએ લડી તે જીતી લીધું અને તેમની પાસેથી બ્રિટિશ સરકારને હાથ ગયું.

એવી રીતે હીન્દુસ્તાનનું કોઇ શહેર એવું ન હતું કે જ્યાં રાજા તરીકે, સિપાઇ તરીકે, વેપારી તરીકે, નોકર તરીકે તથા કોઇપણ રૂપે યા સંયોગે ભાટિયાનો બચ્ચો (આપણા પૂર્વજો) ન હોય. સિંધથી લઇ બંગાલ તેમજ બ્રહ્મદેશ લગી કાબુલીસ્તાન કાબુલ વગેરે ઉત્તરથી કોંકણ, મલબાર, મદ્રાસ, કોચીન વગેરે દક્ષીણ લગી આપણા પૂર્વજો ગયા તથા તેમની સુવાસ ચોમેર પ્રસરેલ હતી. એક અમેરીકા તથા ઇંગ્લેન્ડ તરફ ગયા હોવાનો દાખલો ઈ. સ. ૧૭૫૬ થી અગાઉ નથી મળતો,

બાકી ઘણા ખરા સેંકડો હજારો માઇલ દૂરના દેશ પરદેશો અનેક વીટંબણાઓ વેઠી વરયા, ગયા પાછા આવ્યા અને હજીએ વ્યાપાર ચાલુ રાખેલ છે.

કચ્છ કાઠિયાવાડ તરફ ભાટિયાઓના સંસ્થાનોની કયારે શરૂઆત થઇ તે માટે કાંઇ ઐતિહાસિક પુરાવો હાથ લાગ્યો નથી. પહેલાં કચ્છમાં ભાટિયાઓ આવ્યા કે કાઠિયાવાડમાં આવ્યા તે પણ ચોક્કસ ખબરો મળતાં નથી. કોઇપણ લેખીત ખબરને અભાવે માત્ર અનુમાનોથી કામ લેવું પડે છે. સૌરાષ્ટ્રની તવા-રીખનો કર્તા જણાવે છે કે તેરમી સદિમાં ભાટિયાઓની વસ્તી કાઠિયાવાડમાં આવી હતી. રા. માંડલિકના વખતમાં ભાટિયાઓ જુનાગઢમાં હતાં. હવે કાઠિયાવાડના ભાટિયાઓને આ બારામાં પુછતાં તેઓ અજવાળું પાડી શકતા નથી. પરંતુ આખા કાઠિયાવાડમાં ભાટિયાઓ વ્યાપક નથી. બંદરો અને તેના આજુબાજુનાં શહેરોમાં તેમની વસ્તી છે. જામનગર, પોરબંદર, રાજકોટ, ગોંડલમાં અને મોરબીમાં ભાટિયાઓની ઘાવઘ વસ્તી રહી છે, પરંતુ ભાવનગર તરફ કોઈ છૂટાં છવાયા ઘરો હશે. ગુજરાતમાં ભાટિયાઓનું સંસ્થાન બીલકુલ સ્થપાયું નથી.

કચ્છમાંથી કાઠિયાવાડ અને કાઠિયાવાડમાંથી કચ્છ તરફ ભાટિયાઓનું ચાલુ આવાગમન રહ્યું જણાય છે. વેપાર માટે અથવા રાજ્યની સાથે કાંઈ કલહ થવાથી કે બીજા કોઈ કારણોથી ભાટિયા કુટુંબો વારંવાર સ્થાન બદલો કરતા હતાં. કચ્છનાં ઘણા કુટુંબો સાત આઠ પેઢી ઉપરે જોડીઆ, ખંભાળીઆ વગેરે સ્થાનોથી કચ્છમાં આવ્યા હોવાનું જણાય છે. તેમ કાઠિયાવાડના ભાટિયા કુટુંબીઓનું મુળ સ્થાન કચ્છમાંથી નીકળ્યું હોય એમ

લાગે છે. આ પ્રમાણે પરસ્પર આવજાવ હતી.

કચ્છ પ્રાંત રાવશ્રી ખેંગારજી પહેલા (ઈ.સ. ૧૫૧૦) ના સમયથી જ માત્ર વિશેષ જાણમાં આવ્યો છે. શરૂઆતમાં એટલે દશમી સદી સુધી કચ્છમાં સંસ્કૃત પ્રજાનો વસવાટ હતો. એ પ્રમાણે જણાય છે. ઇ.સ. ૮૨૦ થી ૧૧૦૦ સુધી કચ્છના રાજ-કર્તા વાઘેલા, સોલંકી અને ચાવડાઓનો પરાજય કરી સિંધના મોડ અને મનાઇએ સમા રાજ્ય સ્થાપ્યું ને જામલાખા કુલાણીથી પુંઅરા સુધી રહ્યું છે. એ સમયે કચ્છ સ્વતંત્ર હતું ત્યારે પ્રજાની સંસ્કૃતિ સારી હશે.

ઈ.સ. ૧૦૦૭ થી ઇ.સ. ૧૧૪૧ સુધી ચાવડા અને સોલંકી રાજપુતોએ કચ્છમાં રાજ્ય કર્યું હતું ત્યારે પણ સંસ્કૃતિ ઠીક હશે. પરંતુ સને ૧૧૪૭ થી સને ૧૫૧૦ સુધી સમાઓની એક ટોળી સિંધથી કચ્છમાં ઉતરી આવી અને કચ્છને કબજે કર્યું. આ સમયમાં કચ્છની સંસ્કૃતિ ઉતરતી ગઈ. પ્રજાનો મોટો ભાગ ખેડુતો અને ભરવાડોનો હતો. કહેવાતી ઉચ્ચ કોમો કચ્છમાં વસવાટ કરી રહી નહોતી.

પહેલા રાવશ્રી ખેંગારજી (ઈ.સ.૧૫૧૦) પોતાની સાથે નાગરો વિગેરે કહેવાતી સંસ્કૃતિવાળી જ્ઞાતિને અમદાવાદથી તેડી આવ્યા હતાં તે પહેલાં માત્ર ગરાસીયા અને ખેડુત ભરવાડ વર્ગની કચ્છમાં વસ્તી હતી. વાણીયા પણ આવી વસેલા હતાં. કેટલીક બ્રાહ્મણ જ્ઞાતિ પણ જુની જોવામાં આવે છે, રાવશ્રી ખેંગારજી પહેલાના (ઈ.સ.૧૫૧૦) સમય પછી કચ્છમાં સુવ્યવસ્થિત રાજ્ય સ્થપાયું હતું. તે પહેલા નાના નાના રાજપુત ઠાકરડાઓ પોતાની

સત્તા જમાવી બેઠા હતાં. એમના સમયમાં સ્થાપિત એકતંત્ર રાજ્ય નહોતું. પહેલા રાવ ખેંગારશ્રીએ આખા કચ્છ ઉપર રાજ્ય સ્થાપ્યું. ચોર લુંટારા અને ડાકુઓને એમણે હાંકી કાઢયા, આથી વેપાર વધ્યો, સુખશાંતી વધ્યા એટલે ઉજળી જ્ઞાતિઓ ગુજરાત કાઠીયાવાડ, સિંધ, મારવાડથી આવી કચ્છનાં શહેરોમાં વસવા લાગી. કચ્છની ઘણી ખરી ઉજળીયાત જ્ઞાતિઓના મૂળ કચ્છ બહારથી મળે છે.

કાઠિયાવાડમાં પણ જામનગર, ગોંડલ, ધ્રોળ, મોરબી, રાજકોટ એ સમયે કાઠી લોકોની શેહ તળે હતાં. પંદરમાં સૈકાની શરૂઆતથી જામરાવળે એ પ્રદેશ પોતાના સ્વાધીનમાં લીધા. એમણે ઉજળીઆત જ્ઞાતિઓને એ પ્રદેશમાં વસાવી. કહે છે કે કેટલાક ભાટીઆ કુટુંબો કચ્છથી જામરાવળ પોતાની સાથે જામનગર લાવ્યા હતાં. પરંતુ એ દંતકથાને કાંઈ ટેકો નથી. પંદરમી સદીમાં ભાટિયાઓના કેટલાંક ઘરો જામનગરમાં હતાં. એમ કેટલાક સુજ્ઞ પુરુષોના મોઢેથી સાંભળ્યું છે. હવે તે કચ્છથી આવ્યાં હોય અથવા જુનાગઢથી આવ્યાં હોય તે નિશ્ચય રીતે જણાયું નથી.

જુનાગઢ એ પ્રાચિન સમયનો 'જીર્ણદુર્ગ' છે એની સંસ્કૃતિ ઘણા જુના સમયમાં પણ શ્રેષ્ઠ હતી. ઉજળીયાત કોમો ત્યાં બહુ સમયથી રહેતી હતી. શ્રી નરસિંહ મહેતાના નાગરો ત્યાંના જુના રહેવાસીઓ છે. સૌરાષ્ટ્રની તવારીખમાં જણાવ્યા મુજબ ભાટિઆ લોહાણા ત્યાં તેરમી સદીમાં વસતા હતાં. જસોજી બારોટ પોતાની ભાટિયા કુળકથામાં એ વિષયમાં કોઈ ઈસારો

કરતો નથી, તેને કાઠિયાવાડમાં ભાટિયાઓ વસતા હતાં તેની ખબર પણ ન હોતી, થોડાં છૂટાં છવાયા કુટુંબો જુનાગઢમાં પંજાબથી આવી રહયા હોય એ બનવા જોગ છે. ત્યાંથી જામ-નગર વગેરે ઠેકાણે આવી રહ્યા હોય તે પણ સંભવિત છે. પરંતુ હમણાં પણ જુનાગઢમાં ભાટિયાઓની વસતી નથી એટલે તે વિષે પાકી માહિતી મળતી નથી.

એક માન્યતા મુજબ ભાટિયાઓ સિંધ અથવા પંજાબ-માંથી મોટી સંખ્યામાં નવા સંસ્થાનો વસાવવા નીકળી પડયાં હતાં તેમાંથી કેટલાંક કચ્છમાં રહ્યા અને કેટલાંક કાઠિયાવાડ ખાતે ગયાં. સિંધ પંજાબનો રાજમાર્ગ તે સમયે કચ્છમાં થઇને જતો હતો. સિંધુ નદી કચ્છના રણ સુધી આવતી હતી, એટલે વહાણોમાં બેસી કચ્છમાં ભાટિયાઓ, ઉતરી પડયા હશે. કેટલીય ટોળી રણ રસ્તે કાઠિયાવાડ ગઈ હશે. એ રીતે બન્ને પ્રદેશોમાં એક જ સમયે સંસ્થાનો સ્થપાયા હોય તે બનવા જોગ છે. પાછળથી કચ્છથી કાઠિયાવાડ વચ્ચે અવરજવર અને વિવાહ આદીનો સંબંધ ચાલુ રહયો હતો. જુનાગઢમાં તેરમી સદીમાં કદાચ ભાટિયા ટોળી ઉતરી આવી હશે એ સંભવિત છે.

હવે કચ્છમાં ભાટિયા કયારે આવ્યા ? તે સંબંધિ ભાઇ ગિરધર રતનસિંહ પોતાના " ભાટીયાઓની પ્રાચીન સ્થિતિ " નામના ગ્રંથમાં નીચે મુજબ લખે છે—

"કચ્છમાં પ્રથમ ભાટિયા કયારે આવ્યા અને કયાંથી આવ્યા તેનું એવું અનુમાન થઈ શકે છે કે કચ્છ માંડવીમાં

શ્રી સુંદરવરજીનું દહેરું છે જે સંવત ૧૬૫૨ માં બંધાયુ છે અને "શ્રી રાણેશ્વરનું દહેરુ"" જે સંવત ૧૬૬૪માં બંધાયુ છે. તેના શિલાલેખો ઉપરથી એવો ભાસ થાય છે કે આજ સમયથી લગભગ ભાટિયા પ્રથમ કચ્છમાં આવ્યા. કિંવદતી એવી છે કે રાવશ્રી ભારમલજી પહેલાના બહેન (સંવત ૧૬૪૮–૧૬૮૨) કમાબાઈ યાત્રાર્થે દ્વારીકા ગયેલ ત્યાં તેમની બરદાસ ચાકરી ઓખા મંડળની તે સમયની રાજયધાની ધણુગીના ભાટિયાશેઠ જોગીદાસ કાસીઆણીએ પ્રેમથી કરેલ હતી. એ વેળાએ કચ્છમાં એવા પૈસાદાર વ્યાપારીઓનો અભાવ હતો. રાવશ્રી ભારમલજીએ શરતે પ્રથમ એમને કચ્છ માંડવીમાં વસાવ્યા. તેમણે કચ્છમાં આવી પ્રથમ આ સુંદરવરજીનું દહેરું બંધાવ્યું. શ્રી રાણેશ્વરનું દહેરું પણ બે વર્ષ રહીને ભાટિયા મહાજને જ બંધાવેલ છે. ટોપરાણીવાળા પણ આજ સમયમાં કચ્છમાં આવ્યા જણાય છે. શ્રી અંજારમાં પ્રથમ આવનાર ભાટિયા, કાઠિયાવાડમાં જામનગરના ફટાયા ધ્રોળ સ્ટેટમાંથી આવ્યા એ વાત પ્રસિધ્ધ છે એજ રીતે કોઈ પોરબંદરથી તો કોઇ ભાવનગરથી એમ કચ્છમાં આવ્યા છે એટલે આ સમુદાય જેસલમેરથી પરબારો ગુજરાતમાં આવેલ એમા સંશય નથી. એ વેળાના નામો જોવાથી સ્પષ્ટ થાય છે કે સં. ૧૬૫૦ સુધી ભાટીયાઓએ મારવાડી રીત તજી નહોતી જેમ કે મારવાડમાં પ્રથમ બાપનું અને પછી પુત્રનું એમ નામ લખવાનો સંપ્રદાય છે. તેમ નામો લખવાનો ચાલ હતો."

"નુખો બંધાયા પછી પચીસ પચાસ વરસો સુધી બીજા ભાટિયાઓએ આવી ભાટિયાઓમાં સામેલ થવા માંડયુ

તેમને સામેલ કરવામાં આવ્યા તેમ જ તેઓ વરણી પરણી ગમે ત્યાંથી કરતાં તેમને પણ પ્રાયશ્ચિત કરાવી સામેલ કર્યા અને આમ વાંસેથી જે સામેલ થયા તેમની દશા પાંચા ઈત્યાદિ ભેદોથી ગણના થઈ."

ભાઈ ગિરિધરે આ લખાણમાં જે સતેજ તર્કો કાઢેલા છે તેમાં કેટલાકમાં સમજણ ફેર થઈ જણાય છે. કચ્છમાં પ્રથમ ભાટિયા સિંધમાંથી આવ્યા હતાં. સિંધમાંથી કચ્છમાં આવવાનો સીધો માર્ગ છે. જેસલમેરથી સીધા ભાટિયાઓ કાઠિયાવાડમાં ગયા જણાતા નથી. જેસલમેરથી બે હજાર ઘરો નાશી છુટયા હતાં. તે પછી જેસલમેર ઘણો વખત ઉજ્જડ રહ્યું હતું પછી વર્ષો બાદ ભાટિયાઓ જેસલમેરમાં આવ્યા હતા પરંતુ તેઓ વેપારી ભાટિયાઓ સાથે કન્યા અથવા ખાણી પીણીના વ્યવહાર રાખતા નથી. આજે પણ ભાટિયાઓના થોડાક ઘરો જેસલમેરમાં છે. તેઓ પુષ્ટિ માર્ગ સંપ્રદાયના વૈષ્ણવો છે તેઓનો ભાટી રાજકર્તાઓ સાથે કન્યા વ્યવહાર કે ભોજન વ્યવહાર નથી. એ જેસલમેરનાં ભાટિયાઓ મારવાડી રીત ભાત રાખે છે.

પંજાબમાંથી સિંધમાં ભાટિયાઓ આવ્યા હતાં. જેસલમેર પણ પંજાબી ભાટિયાઓએ વસાવ્યું હતું. સિંધમાંથી ભાટિયાઓ કચ્છ કાઠિયાવાડમાં ગયા હતા. પંજાબ અથવા જેસલમેરમાંથી પરબારો ગુજરાત તરફ જવાનો રાજમાર્ગ છે નહી, સિંધનો રસ્તો સુગમ પડે છે. ધારવા પ્રમાણે ભાટિયાઓ પંજાબમાંથી સિંધ અને સિંધમાંથી કચ્છ કાઠિયાવાડ તરફ આવ્યા હતા, કચ્છ કાઠિયાવાડનું તેમનું છેલ્લું સ્થાન હતું. તે પછી તેઓ

ગુજરાત તરફ આગળ વધ્યા નથી. (માત્ર ધરણગામમાં થોડા કુટુંબો છે. પણ તે મુંબઈ આસપાસથી આવેલા છે.) મદ્રાસમાં પણ પ્રાચિન ભાટિયા કુળો મળતાં નથી. બંગાળમાં તો નથી જ. એ રીતે પંજાબ સિંધ અને કચ્છ કાઠિયાવાડ વચ્ચે ભાટિયાઓની મુખ્ય વસ્તી છે. એજ પ્રવાહ અનુકુળ રીતે વધ્યો છે. કચ્છ કાઠિયાવાડમાં ભાટિયાઓમાં પરસ્પર વ્યવહાર રહયો હતો. પરંતુ કાળે કરી સિંધુ નદીનું કચ્છના રણમાં આવાગમન બંધ થયું. ભાટિયાઓનું સિંધમાંથી જવું પણ સાથે બંધ થયું. નવિન ભરતી થઇ નથી. ગમે તે કારણ હોય પણ કચ્છ કાઠિયાવાડ માટે સંસ્થાનો સ્થપાયા પછી સંસ્થાનોમાં બહારના ભાટિયાઓની આવક તરત બંધ થઇ છે.

કચ્છ કાઠિયાવાડના ભાટિયા સંસ્થાનો ને પરસ્પર રોટી બેટી વ્યવહાર ચાલુ રહયો. એક પ્રદેશના ભાટિયાઓ બીજા પ્રદેશમાં જવા આવવાનું રાખતા હતાં. પરંતુ તે કચ્છી કાઠિયા-વાડ વચ્ચે જ એક સરખા જ રહયા છે. કન્યા વહેવાર પણ ચાલુ જ હતો. વેપારી સંબંધ પણ ચાલુ જ હતો તેવો સંબંધ સિંધ પંજાબ સાથે ચાલુ નહોતો. સિંધના અને પંજાબના ભાટિયાઓની સંસ્કૃતિ, રિત-રિવાજ, ખાન-પાનાદી અને રહેણી કરણી જુદા થઇ ગયા. પહેરવેશમાં પણ ફેર હતો. સિંધ પંજાબથી કાઠિયાવાડ તરફ વધારે ટોળીઓ આવતી બંધ થઇ ગઇ હતી. વધારાની વસ્તી પોતાના માટે બીજે સ્થળે માર્ગ કરી ગઈ હતી એટલે સિંધ પંજાબ પુરતી વસ્તી માટે બીજે ઠેકાણે જવાનું કામ નહોતું.

કચ્છ કાઠિયાવાડમાં આવ્યા પછી ભાટિયાઓએ ત્યાંના દેશના રિવાજો પોતાની રહેણી કરણીમાં ઉતાર્યા. તેઓએ દેશ પ્રમાણે અનુકુળ વેશ કર્યો. તેમના મુખ્ય બે ઉદ્યોગો ખેતીવાડી અને વેપાર હતાં. તે સંબંધી આગળ વિગતવાર વર્ણન કરીશું. ભાટિયાઓએ જ્યારે ધર્મ વિપ્લવ કર્યો ત્યારે તો તેમની જુદી ભાત તદ્દન તરી આવી. સિંધ પંજાબના ભાટિયાઓએ અને કચ્છ કાઠિયાવાડના ભાટિયાઓ વચ્ચે મોટો ભેદ થઇ પડયો. બન્ને વચ્ચેનો વ્યવહાર તદ્દન બંધ રહ્યો. કાળે કરીને મુંબઇના સંસર્ગથી કચ્છ કાઠિયાવાડના ભાટિયાઓ ફેશનેબલ થયાં. તેઓ કાપડના વેપારમાં પૈસા કમાણા. તેઓની રહેણી કરણી ખર્ચાળ થઈ એટલે તેઓ પોતાને ઊંચા માનવા લાગ્યાં. ધર્મ, આચાર અને લક્ષ્મી એ ત્રણે અભિમાનોમાં તેઓ અંધ બન્યા. તેમણે સિંધ પંજાબનાં ભાટિયાઓને ધર્મે કર્મે અને ભોજને હલકા માન્યાં. કાળે કરી ખુબ જુદાઈ થઈ ગઈ. સિંધ પંજાબના ભાટિયાઓએ પોતાના અભિમાની ભાઇઓનો સંઘ તજ્યો.

જેસલમેરનો ઇતિહાસકાર પોતાના પુસ્તકમાં કચ્છ કાઠિયાવાડનાં ભાટિયા સંસ્થાનો સંબંધી નીચે મુજબ લખે છે.

ગાજરી ગામકે રાયસંગ, ઘર દોસો આઠ મીલાય ।
બડી નુખ યાકી ભઈ, સબ મીલ શેઠ કહરાય ॥
ગાજરિયાકી નુખમેં બડે કાર્ય પ્રસ્તાવ ।
દાન દેનેમાં વહ કુશલ કરે રાજ સમભાવ ॥

અર્થ :— ગાજરી ગામના રાજા સાથે બસો આઠ

ઘર મળ્યા. સર્વેથી મોટી નુખ એમની થઈ અને બધાઓએ મળીને એમની (ન્યાતના) શેઠની પદવી આપી એમની નુખમાં મોટા કારજ થયા. એઓ પ્રકૃતિથી જ બહુ ઉદાર હતાં અને રજવાડા જેવી રીતભાત રાખતા. પ્રીય વાંચનાર તે જોયું ? 'રાય પદવી' આપણા પૂર્વજો યાદવાસ્થલી પછી યદુના ડુંગરમાં જઇ વસ્યા ત્યારે ધારણ કરતા તેજ પદવી, આપણે હજી સુધી ધારણ કરતા આવ્યા છીએ. એ વખતે (નુખો બાંધવા વખતે) ગાજરી ગામની ગાદી ઉપર રાય શામસિંહજી હતા તેઓની દશમી પેઢીએ રાય હમીરજી ટોપણ, આઠત, અને પારપ્યો નામના ત્રણ પુત્રો હતાં. તેમાં ' પારપ્યો ' સિંધમાં વસ્યો તેના વંશજો પારપીઆણી કહેવાયા, બીજો પુત્ર આડત મોરબીમાં વસ્યો, તેના વંશજો આડતીઆણી કહેવાયા, અને ટોપણ કચ્છમાં આવી સંવત ૧૬૨૨ માં માંડવી શહેર વસાવી શ્રી કલ્યાણેશ્વર મહાદેવનું લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બંધાવ્યું એ મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા શ્રી વલ્લભાચાર્ય સંપ્રદાયના મહારાજ ગુંસાઈજીના પ્રપૌત્ર શ્રી ગોપીનાથજી મહારાજ જેમને દિક્ષિતજી મહારાજને નામે ઓળખવામાં આવે છે તેઓને હાથે થયેલ છે. એ મહારાજ બહુ વિદ્વાન અને કર્મકાંડી હતાં. તેઓશ્રીએ સોમયાગ કર્યો હતો જે ઉપરથી દિક્ષિતની પદવી મળેલ હતી. એઓશ્રીની વિદ્વતા જોઇને ભાટિયાઓ તેમના શિષ્ય થયા ત્યારથી ભાટિયાઓ વલ્લભ સંપ્રદાયમાં દાખલ થયા પછી એ ધર્મના મંદિરની માંડવીમાં સ્થાપના થઈ. ટોંપણ શેઠે એ બે મંદિરો ઉપરાંત પોતાની કુલદેવીની પ્રતિષ્ઠા કરી અને પોતાનું નામ કાયમ રાખવા ટોપણસર નામનું તળાવ બંધાવ્યું. એ શેઠે કચ્છમાં

આવ્યા પછી પણ પોતાની રજવાડી રીત મુકી ન હતી. ભાટિયા કુળ કથા રચનાર ભાટ જશાના વંશજોને તે પોતાના પુર્વજોના આપેલ વચન પ્રમાણે નિભાવવા સાથે લઇ આવ્યા હતાં તથા વંશાવલી રાખનાર રાવલોને પણ સાથે લઈ આવ્યા હતા. તેઓને નિભાવ માટે વૃત્તિ બાંધી આપી હંમેશને માટે માંડવીમાં વસાવ્યાં. ટોપણ શેઠ રાજ્યમાં પણ સારું માન ધરાવતાં. રાજય તરફથી શેઠને પદવી ઉપરાંત ગામ વસાવ્યા બદલ કેટલાક હકક મળ્યા હતાં. જેનો ત્રાંબાના પતરે કચ્છ દરબારશ્રી તરફથી લેખ કરી આપ્યો હતો જે લેખ એઓ પછીના વંશજોની બેદરકારીને લીધે ગેરવલે ગયો. જો આજ આ લેખ હોત તો એઓશ્રીના વંશજોને ઘણો લાભ થાત. સાથે ભાટિયા ઇતિહાસને પણ પુષ્ટી મળત. સાંભળવા પ્રમાણે એ લેખમાં ટોપણ શેઠના વંશજોને જગાત માફ થયેલ હતી, તે જો લેખ સાચવી રાખવામાં આવ્યો હોત તો આજ એ કુટુંબને લાખો કોરીનો ફાયદો થાત. ભાટિયાઓ કચ્છમાં આવ્યા પછી પણ ખેતીનો ધંધો કરતાં જેઓને જમીન નહોતી તેઓ પરદેશનો ધંધો રોજગાર કરતાં એ વખતે હજી હિન્દુસ્તાનમાં મુસલમાની અમલ હતો. જેમ જમીન ઉપર અવિશ્રાંત મારફાડ અને તલવારનું રાજ હતું કે જેની તલવારમાં જોર હોય તે જમીન રાખી શકશે તેમ દરિયામાં પણ તેવી સ્થિતી હતી. જેવી બીજી પ્રજાથી દરિયાઇ રોજગાર આજના પ્રમાણે નિવિઘ્ને થઈ શકતો ન હતો. તે વખતમાં ભાટિયાઓમાં રાજપુત લોહી હતું જેથી વહાણોમાં પણ લશ્કર અને તોપખાનું રાખી અરબસ્તાન, આફ્રિકા સિવાય હિન્દુસ્તાનની પૂર્વના ચીનના મુલકમાં મુસાફરી કરી સારી દોલત સંપાદન કરી હતી. એ વખતે પૂર્વ આફ્રિકા એકદમ જંગલી સ્થિતિમાં હતો. ત્યાં

કોઈ રાજા નહોતો. તેથી ભાટિયાઓ મસ્કતના રાજાના છોકરાને લઇ જઈ તેનો ત્યાં રાજા બનાવ્યો. તેના રક્ષણ અને સત્તા બેસાડવા માટે રાજયમાં પ્રાગજી અને કલ્યાણજી ડોસાએ મોટી મોટી ફોજો રાખી હતી. જેમ આફ્રિકામાં ભાટિયાઓએ સત્તા બેસાડી હતી તેમ અરબસ્તાન (મસ્કતમાં) ભીમાણીવાળા શેઠ ગોપાળ શેઠની બહુ સત્તા ચાલતી. એ વખતે ઈરાની અખાતમાં જાસમી લુંટારા દરીયામાં બહુ લુંટફાટ કરતાં વેપારીઓના વહાણો લુંટી માણસોને પકડી ગુલામો બનાવી વેચી નાંખતા હતાં. તેઓને ભાઇ પ્રાગજી હાલાઈ જેઓ મજકુર શેઠની મસ્કતી પેઢીમાં મુનીમ હતાં, તેઓએ એ જાસમી લુંટારાઓને એવી શેહ આપી હતી કે પ્રાગાનું નામ સાંભળી થરથરતા, એ વખતે કચ્છમાં ભાટિયાઓની વસ્તી બહુ વધી હતી અને બહુ સારી સ્થિતીમાં હતાં. દરેક રોજગાર ભાટિયાઓના હાથમાં હતો. તેઓની રહેણી કરણી અસલના જેવી હતી. રિત રિવાજ પણ હમણાંના જેવા ખરચાળ ન હતા. હાલ જે તેઓની સાતમી પેઢીના ગોવિંદજી શેઠના વખતમાં માંડવી શહેરમાં ૨૫૦૦ ભાટિયાઓના ઘર હતા. ગોવિંદજી શેઠ બહુ ભલા સત્યવાદી પરોપકારી અને ગરીબો પ્રત્યે લાગણી ધરાવતા તેથી માંડવીની પ્રજામાં તેમ રાજ્યમાં પણ બહુ માન ધરાવતાં. કોઇને દેખાદેખીથી વધારે ખર્ચ કરવા દેતા ન હતાં. બધાને સંપ સલાહથી ચલાવતાં. એઓના વખતમાં માંડવી મહાજનનો મોભો બહુ જ સારો હતો. દેશ–દેશાવરોમાં પણ ભાટિયાઓમાં મતભેદ ઊભો થતો તો આખરે માંડવી મહાજન ફેસલો કરી દેતું. ગોવિંદજી શેઠ સંવત ૧૯૨૮ના અષાઢ વદ ૩૦ના દેવ થયા ત્યારે ભાટોએ યશોગાન ગાયા હતાં. એ શેઠને બધા ‘અધા’ કહીને બોલાવતા.

એઓનાં સ્વર્ગવાસથી માંડવીમાં "અધાજા મરધે ઘોર અંધારો થયો." મહાજનજી ઝાઝી, એ કહેવત જનસમુહુને મોઢે બોલાવા લાગી. પછી મહાજનના અસલના રિત રિવાજ તુટી ગયાં. તે થકી દેખાદેખીથી ખર્ચાળુ રિવાજ દાખલ થયાં. જેને લીધે કોમમાં નિર્ધનતા અને સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો. જે એક માંડવી શહેરમાં ૨૫૦૦ ઘરો ભાટિયાની વસ્તી હતી ત્યાં હાલ ૨૦૦ આશરે રહ્યાં છે. આ થઈ ભાટિયાઓની ઇતિહાસની તવારીખ.

સમયના વહેણ સાથે મુંબઈનો વિકાસ ઈસ્ટ ઇન્ડિયા કું. અને ત્યારબાદ બ્રીટીશરોના હાથે થવા માંડયો હતો, તે અરસામાં કચ્છ અને અન્ય સ્થળોએથી મુંબઇમાં રોટી, રોજગાર અને વ્યાપાર અર્થે દેશભરમાંથી સાહસિક કોમો મુંબઈમાં આવવા લાગી. તેમાં ભાટિયા કોમ પછાત કેમ રહે ? મુંબઇના વિકાસમાં અન્ય કોમો સાથે ભાટિયા કોમનો મોટો હિસ્સો છે. આ સમય અઢારમી સદીનો હતો. મુંબઈ આવવામાં ભાટિયા કોમ અગ્રેસર હતી. તેઓ કચ્છ, કાઠિયાવાડ, હાલારમાંથી મુંબઇમાં વેપાર અર્થે આવ્યાં હતાં. એક એકથી ચઢે એવા અસંખ્ય પુરૂષાર્થી પુરૂષો ભાટિયા કોમમાં પાકયા, જેમણે મુંબઈના વિકાસમાં અને વેપારી આલમમાં ભારે આંટ–પ્રતિષ્ઠા મેળવી તથા ફાળો આપ્યો. પૂરા એક સૈકા સુધી મુંબઇનો રૂ અને કાપડનો વેપાર મુખ્યત્વે ભાટિયાઓના હાથમાં રહ્યો હતો. મિલ ઉદ્યોગ, જીનીંગ અને પ્રેસીંગ ઉદ્યોગ, આખા મુંબઈ રાજ્યમાં મોટે ભાગે ભાટિયાઓના હાથમાં હતો અને તેમાં તેઓ અગ્રેસર હતાં.

મુંબઇની ધરતી પર સૌ પ્રથમ પગ મુકનાર શ્રી મોનજી ભાણજી કે જેમના વંશજો 'પાસ્તા' તરીકે ઓળખાય છે તેઓ હતાં. ત્યારબાદ આવ્યા શેઠશ્રી જીવરાજ બાલુ. તેમણે સને ૧૭૭૦ થી ૧૮૪૩ સુધીના ગાળામાં મુંબઈ ટાપુનાં વિકાસમાં અને વેપારમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું. બીજું એવું જ અગ્રેસર હતું તેજપાલ કુટુંબ. તેમના વડવા અને વંશજોએ ૧૭૯૩ થી ૧૮૩૯ સુધીના ગાળામાં મુંબઈના વેપાર ધંધામાં અને દાન ધરમમાં નામના મેળવી. ત્યારબાદ જામનગરથી આવ્યા શેઠશ્રી મુળજી જેઠા. તેમણે પણ વ્યાપાર ઉદ્યોગમાં નામના મેળવી દાનધર્મ છૂટે હાથે કર્યા. આ ઉપરાંત, વેપાર તેમ જ સામાજીક, રાજકીય અને અન્ય ક્ષેત્રોમાં ભાટિયા કોમના અનેક મહારથીઓએ પોતપોતાના ધંધા–રોજગારમાં–દાન ધર્મમાં રીતરીવાજો સુધારવામાં અનન્ય ફાળો આપ્યો તેમાં મુખ્યત્વે શ્રી મથુરદાસ લવજી, શ્રી લક્ષ્મીદાસ ખીમજી, શેઠશ્રી મોરારજી ગોકુળદાસ, ઠાકરશી કુટુંબ શેઠશ્રી કરસનદાસ નાથા અને ખટાઉ કુટુંબને ગણી શકાય. ભાટિયા કોમના ઉપર જણાવેલ મહારથીઓએ ઠેકઠેકાણે ધર્મશાળાઓ, વાવકુવાઓ. સદાવ્રતો, સાર્વજનીક હોસ્પીટલો, દવાખાના, સેનેટરીયમ, શિષ્યવૃત્તિઓ, પાંજરાપોળો, અન્નક્ષેત્રો, સાધુઓ, બ્રાહ્મણો અને વિધવાઓ માટે દાન અને આજીવીકા માટેના સાધનોની મદદ કરી છે. ટ્રસ્ટો ઊભા કર્યા છે અને ચલાવ્યા છે – જે આજે પણ મોજુદ છે.

આમ આપ જોઈ શકશો કે ભાટિયા કોમમાં જે લોહી રહ્યું છે તે દેવાંશી, ક્ષત્રીય–રાજપુતી, વેપારી, દાની, ધર્મી, સખી, ઉદાર અને સહિષ્ણુ છે. આ કોમ ધારે તો શું ન કરીશકે ?

એમને દોરવણી આપનાર ભગવાનશ્રી કૃષ્ણ જેવા આપણા પૂર્વજ અને માર્ગદર્શીનીની જરૂર છે.

અંતમાં આપણી કોમ રાજકાજ, વેપાર, સમાજ શિક્ષણ અને તમામ ક્ષેત્રમાં આગળ સ્થાન પ્રાપ્ત કરે અને દેશનું તેમ જ પોતાનું ભલું કરે એવી પ્રભુપ્રત્યે પ્રાર્થના અને તેના આશીર્વાદની ખ્વાહેશ સાથે.

(ભાટિયાની કુળકથાના આધારે સંકલિત)

લે.
દ્વારકાદાસ ના. દુતિયા

બંસીધર શ્રીકૃષ્ણ